પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૬૫ | ૬ ડિસેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

બેંગલુરુના આઈઆઈએસ કોલેજમાં બ્લાસ્ટ

બેંગલુરુની ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સની એરોસ્પેસ પ્રયોગશાળામાં એક સિલિન્ડરમાં વિસ્ફોટ થયો છે. પોલીસના રીપોર્ટ મુજબ આ બ્લાસ્ટમાં એક વૈજ્ઞાનિકનું મોત થયું છે. જયારે ત્રણને ઈજા થઈ છે.

આમ્રપાલી ગ્રુપની સંપતિ ટાંચમાં લેવાશે

સુપ્રિમ કોર્ટે આમ્રપાલી ગ્રુપની ફાઈવસ્ટાર હોટેલ, લકઝરી કાર, મોલ, ફેકટરી અને ઓફીસ જેવી અનેક સંપત્તિઓને ટાંચમાં લેવાનો નિર્દેશ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલને ગ્રુપની સંપત્તિ વેચવાનો આદેશ પણ કર્યો છે.

પાકિસ્તાનમાં 'પાપ કર' લાગુ

પાકિસ્તાનના લોકોને ટૂંક સમયમાં જ 'પાપ કર' ચુકવવું પડશે. તેઓએ હવે સિગરેટ અને શરબત પીવા માટે 'સીન ટેકસ' એટલે કે 'પાપ કર' ચુકવવું પડશે. પાકિસ્તાનના સ્વાસ્થ્ય મંત્રી અમીર મહમૂદ કિયાનીએ આ જાણકારી આપી છે.

સાહિત્ય અકાદમી પુરસ્કાર જાહેર

સાહિત્ય અકાદમીના પ્રતિષ્ઠિત પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે. અકાદમીએ ગુજરાતમાં શરીફા વિજળીવાળાને, હિન્દીમાં ચિત્રા મુગ્દલ, અંગ્રેજીમાં અનીસ સલીમ, ઉર્દુમાં રહમાન અબ્બાસ, સંસ્કૃતમાં રમાકાંત શુકલ અને પંજાબીમાં મોહનજીત સહિત કુલ ૨૪ ભારતીય ભાષાઓના લેખકોને સાહિત્ય અકાદમી પુરસ્કાર આપવામાં આવશે.

સ્પેસમાં ઈસરો બન્યુ બાહુબલી

સૌથી વજનદાર સેટેલાઈટ જીસેટ-૧૧ લોન્ચ : યુરોપના એરિયન -૫ રોકેટ દ્વારા ફ્રેન્ચ ગયાનાથી લોન્ચ કરવામાં આવ્યું : હવે દેશમાં ઈન્ટરનેટ ક્ષેત્રે મોટી ક્રાંતિ આવશે, આ સેટેલાઈટ પ્રત્યેક સોલાર પેનલ ચાર મીટરથી વધુ લાંબા, જીસેટ-૧૧ સેટેલાઈટનું વજન ૫,૮૫૪ કિલોગ્રામ

બેંગ્લુરુ,તા.૫

આખરે એ ક્ષણ આવી જ ગઈ કે દેશનો સૌથી વજનદાર સેટેલાઈટ એટલે કે જ્જીછ્૧૧ને લોન્ચ કરવામાં આવ્યો. ૫ હજાર ૮૫૪ કિલોગ્રામનો આ સેટેલાઈટ આજે સવારે યુરોપિયન સ્પેસ એજન્સી ફ્રેન્ચ ગુએનાથી લોન્ચ કરવામાં આવ્યો. આ એક કમ્યુનિકેશન સેટેલાઈટ છે.

જેનાથી હવે દેશમાં ઈન્ટરનેટ ક્ષેત્ર મોટી ક્રાંતિ આવશે. આ સેટેલાઈટ એટલો મોટો છે કે, પ્રત્યેક સોલાર પેનલ ચાર મીટરથી વધુ લાંબા છે. જે એક મોટા રૂમ બરાબર છે. પહેલા આ સેટેલાઈટને વર્ષની શરૂઆતમાં લોન્ચ કરવાનો હતો પરંતુ સિસ્ટમમાં કોઈ ક્ષતિ સર્જાતા ભારતીય સ્પેસ એજન્સીએ આ સેટેલાઈટને ચેક કરવા માટે ફ્રેંચ ગુએનાતી પરત મંગાવી લીધો. બાદમાં તેના પર રિસર્ચ અને તપાસ બાદ આજે તેનું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું.

દેશનું સૌથી ભારે સેટેલાઈટ જીસેટ-૧૧નું વહેલી સવારે લોન્ચ કરવામાં આવ્યું છે. તેને યુરોપના એરિયન -૫ રોકેટ દ્વારા આજે સવારે ફ્રેન્ચ ગયાનાથી લોન્ચ કરવામાં આવ્યું. આ કોમ્યુનિસ્ટ

● અનુસંધાન પાન-૭ પર

મોનિટરી પોલિસીમાં રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત

સતત બીજી વખત ચાવીરૂપ રેટને યથાવત રાખવાનો નિર્ણય : રિઝર્વ બેંક દ્વારા પોલિસી સમીક્ષા જારી- જીડીપી ગ્રોથનો અંદાજ ૭.૪ ટકા રાખવામાં આવ્યો

મુંબઈ, તા. ૫

રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. ધારણા પ્રમાણે જ ચાવીરુપ રેપોરેટ ૬.૫ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરાયો હતો. સતત બીજી વખત વ્યાજદર સાથે કોઈ ચેડા કરવામાં આવ્યા નથી. રિવર્સ રેપોરેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. સીપીઆઈ ફુગાવા અને અન્ય બાબતોને ધ્યાનમાં લઈને આરબીઆઈ દ્વારા વ્યાજદરના સંદર્ભમાં નિર્ણય લેવામાં આવે છે. જો કે, આ યોજાયેલી બેઠકમાં એસએલઆરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જો કે, રિઝર્વ બેંકનું કહેવું છે કે, એસએલઆરમાં ૧૮ ટકાની સપાટી સુધી ન પહોંચે ત્યાં સુધી તેમાં દર ત્રિમાસિક ગાળામાં ૨૫ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરાશે. જીડીપી ગ્રોથનો અંદાજ પણ ૭.૪ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે જ્યારે ૨૦૧૯-૨૦માં પ્રથમ છ મહિનાના ગાળા દરમિયાન જીડીપી ગ્રોથ ૭.૫ ટકા રાખવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની આ પાંચમી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા હતા.

રાજસ્થાન-તેલંગણામાં પ્રચારનો અંત

સાતમીએ મતદાન યોજાશે : રાજસ્થાનમાં ૨૨૭૪, તેલંગાણામાં ૧૮૨૧ ઉમેદવારો મેદાનમાં : નિષ્પક્ષ અને સ્વતંત્ર ચૂંટણીની ખાતરી કરવા બંને રાજ્યોમાં તમામ તૈયારીઓ કરાઈ : રાજસ્થાનમાં ૪.૭૭ કરોડ અને તેલંગાણામાં ૨.૮૦ કરોડ મતદારો

જયપુર,તા. ૫

રાજસ્થાન અને તેલંગાણામાં સાતમી ડિસેમ્બરના દિવસે યોજાનાર ચૂંટણીને લઈને આજે પ્રચારનો અંત આવ્યો હતો. હાઈવોલ્ટેજ ચૂંટણી ઉપર દેશની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મિઝોરમમાં ચૂંટણી માટે મતદાન થઈ ચુક્યું છે અને આ રાજ્યોમાં ઉંચુ મતદાન થયા બાદ ભારે સસ્પેન્સની સ્થિતિ છે. હવે રાજસ્થાનમાં સાતમી ડિસેમ્બરે મતદાન થશે. છેલ્લા થોડાક દિવસમાં રાજ્યમાં સેંકડો રેલીઓ યોજાઈ હતી અને રોડ શો યોજાયા હતા. ચૂંટણી મેદાનમાં ૨૨૭૪ ઉમેદવારો રહેલા છે જેમાં ૧૮૯ મહિલાઓનો સમાવેશ થાય છે. ૨૦૦ વિધાનસભા બેઠક પૈકી ૧૯૯ બેઠક માટે ૭મી મતદાન યોજાશે. હાલમાં અલવર જિલ્લાના રામગઢ મતવિસ્તારમાં બહુજન

● અનુસંધાન પાન-૭ પર

ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં મિશેલને પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરાયો

૫ દિવસની કસ્ટડીમાં રહેશે : અજીત દોભાલના નેતૃત્વમાં સફળ ઓપરેશન પાર પાડી મિશેલને ભારત લવાયો : અનેક વિગતો ખુલે તેવા સંકેતો

નવી દિલ્હી, તા. ૫

ઈટાલીની કંપની ઓગસ્ટા વેસ્ટલેન્ડની સાથે વીવીઆઈપી હેલિકોપ્ટર ડિલમાં થયેલા કૌભાંડના વચેટિયા ક્રિશ્ચિયન મિશેલને આજે પટિયાલા

હાઉસકોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. મંગળવારના દિવસે તેને દુબઈના રસ્તે ભારત લાવવામાં આવ્યો હતો. ભારતની તપાસ સંસ્થાઓ લાંબા સમયથી તેને ભારત લાવવાના પ્રયાસ કરી રહી હતી. આખરે તેને સફળતા મળી ગઈ છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલના નેતૃત્વમાં આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. આ મામલામાં અનેક મોટા ખુલાસા થવાની શક્યતા દેખાઈ રહી છે. પુછપરછમાં મિશેલ અનેક મોટા અધિકારીઓના નામનો ખુલાસો કરી શકે છે. જેમના ઉપર આ કૌભાંડમાં સામેલ હોવાના આક્ષેપો છે. એવા આક્ષેપ છે કે, ઓગસ્ટા વેસ્ટલેન્ડથી મિશેલને લાંચ તરીકે ૨૨૫ કરોડ રૂપિયા મળ્યા હતા. આ પૈસા અન્ય કંઈ નહીં બલ્કે કંપની દ્વારા ૧૨ હેલિકોપ્ટરની સમજૂતિ પોતાની તરફેણમાં કરાવવા માટે લાંચ તરીકે ચુકવવામાં આવી હતી. મિશેલે પોતાની દુબઈની કંપની ગ્લોબલ સર્વિસ મારફતે આ રકમ મેળવી હતી. મળેલી માહિતી મુજબ આ ડિલમાં કોડવર્ડમાં કેટલાક નામ પણ લખવામાં આવ્યા હતા. જેનો અર્થમાત્ર મિશેલ જ બતાવી શકે છે. રાફેલ સોદાને લઈને છેલ્લા કેટલાક દિવસથી વિપક્ષમાં સરકાર ઉપર પ્રહારો ચાલી રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

રાજસ્થાનમાં મોદી વધુ આક્રમક

કોંગી શાસનમાં તમે લુંટો અમેય લુંટીએની જ રમતો ચાલતી હતી :તમામ ફાઇલો હવે ખુલી રહી છે અને માતા-પુત્રને કોર્ટના ચક્કર લગાવવા પડી રહ્યા છે : નામદારની સેવામાં આગળ રહેલાના પુત્ર સજા ભોગવી ચુક્યા : મોદી

સુમેરપુર, તા. ૫

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે વડાપ્રધાન મોદીએ આજે કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. નેશનલ હેરાલ્ડ અને ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડને લઈને કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ૨૦૧૪માં તેમની સભાઓમાં કેટલીક વાતો સાંભળી હશે. તે વખતે તેઓએ કહ્યું હતું કે, હેલિકોપ્ટર કાંડ થયેલું છે. હજારો કરોડનું કૌભાંડ થયું હતું. દેશમાં વીઆઈપી હેલિકોપ્ટર અને એ પત્ર અંગે તો લોકોને યાદ હશે. મેડમ સોનિયા ગાંધીના એ પત્રની પણ તમામને માહિતી હશે. તમામ ફાઈલો અને કાગળો જુદી જુદી જગ્યાઓએ સંતાડી દેવામાં આવ્યા હતા પરંતુ સરકારમાં આવ્યા બાદ અમે સતત કાગળો શોધતા રહ્યા હતા. આખરે એક સફળતા હાથ લાગી હતી. દલાલીનું કામ કરનાર લોકો પૈકી એકને સકંજામાં લઈ લેવામાં આવ્યો છે. ક્રિશ્ચિયન મિશેલ નામના શખ્સને પકડી પાડવામાં આવ્યો છે. ભારતના નામદારોના મિત્રોને આ વ્યક્તિ કટકી આપતો હતો. તેમનું ધ્યાન રાખતો હતો. ફરાર હતો. ઈંગ્લેન્ડ નાગરિક બની ગયો હતો. દુબઈમાં રહેતો હતો. હથિયારમાં સોદાગર હતો. હેલિકોપ્ટર વેચવા અને ખરીદવામાં દલાલી કરતો હતો.

આજે અખબારોમાં લોકો વાંચી રહ્યા છે કે, ભારત સરકાર તેને દુબઈમાંથી ઉઠાવી લાવી છે. આ રાજદાર અનેક રાજ ખોલશે. કેટલી વાતો કેટલા દૂર સુધી જશે તે બાબત હવે જાણવા મળશે. રાજસ્થાનની સુમેરપુર રેલીમાં મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસના શાસનકાળમાં તમે પણ લુંટો અમે પણ લુટીએની રમત ચાલતી હતી. આજે અખબારોમાં વાંચી રહ્યા છે કે, સુપ્રીમ કોર્ટે એક નિર્ણય લીધો છે. એ સમાચાર આજે આગળ આવી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, કરોડો રૂપિયાના કૌભાંડ, ઈન્કમટેકસમાં બનાવટી કંપનીઓના નામ પર કૌભાંડો ચાલતા હતા. તેમની સરકારના સમયે તમામ ફાઈલો બંધ હતી.

માતા અને પુત્રોની ફાઈલો બંધ હતી. જે લખીને આપી દેતા હતા તેના ઉપર જ કામ થતું હતું. તેમની સરકાર આવ્યા બાદ આ

● અનુસંધાન પાન-૭ પર

હું બેંકોની મૂળ રકમ પરત કરવા તૈયાર, પણ વ્યાજ નહીં આપુ : વિજય માલ્યા

માલ્યાના પ્રત્યર્પણ વિશે ૧૦ ડિસેમ્બરે યુકેની કોર્ટ ચુકાદો આપે તેવી શક્યતા : ભાગેડુ પર અંદાજે ૯ હજાર કરોડનું બેન્કોનું દેવુ છે

ન્યુ દિલ્હી,તા.૫

બેંકોનું કરોડોનું ફૂલેકું ફેરવી વિદેશ ભાગી જનાર વિજય માલ્યા બેંકોનું દેવું ચૂકવવા માટે તૈયાર થયા છે. વિજય માલ્યાએ આજે સવારે ટ્વીટ કરીને કહ્યું છે તેઓ ભારતીય બેંકોનું તમામ દેવું ચૂકવવા તૈયાર છે, પરંતુ એક શરત કે તેઓ વ્યાજ આપી શકશે નહીં. વિજય માલ્યાએ એક સાથે ત્રણ ટ્વિટ કરી છે અને તેમણે બેંકોને ૧૦૦ ટકા નાણાં પરત કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. સાથો સાથ તેમણે કહ્યું કે તેમની સાથે ભારતીય મીડિયા અને રાજનેતાઓએ પક્ષપાત કર્યો છે. આપને જણાવી દઈએ કે માલ્યા પર અંદાજે ૯૦૦૦ કરોડ રૂપિયાનું બેંકોનું દેવું છે. માલ્યાના ભારત પ્રત્યર્પણ પર યુકે કોર્ટ ૧૦ ડિસેમ્બરે ચુકાદો આપે તેવી શક્યતા છે.

વિજય માલ્યાએ ટ્વીટ કરીને કહ્યું કે છેલ્લાં ત્રણ દાયકા સુધી સૌથી મોટા દારૂ વેચતા ગ્રૂપ કિંગફિશરે ભારતમાં વેપાર કર્યો છે. આ દરમ્યાન કેટલાંય રાજ્યોની મદદ પણ કરી છે. કિંગફિશર એરલાઈન્સ પણ સરકારને ભરપૂર ચૂકવણી કરી રહ્યું હતું. પરંતુ શાનદાર એરલાઈન્સનો દુ:ખદ અંત આવ્યો, પરંતુ છતાંય હું બેંકોને ચૂકવણી કરવા માંગું છું જેથી કરીને તેમને કોઈ ખોટ ના જાય. કૃપ્યા આ ઓફરનો સ્વીકાર કરો.

વિજય માલ્યાએ ત્રીજી ટ્વીટ કરી. તેમણે એક બીજી ટ્વીટમાં વિજય માલ્યાએ કહ્યું કે રાજનેતા અને મીડિયા સતત બૂમો પાડીને મને પીએસયુ બેંકોના પૈસા ઉડાવી દેનાર ડિફોલ્ટર જાહેર કરી રહ્યાં છે. પરંતુ આ બધુ ખોટું છે. મારી સાથે હંમેશાથી જ પક્ષપાત કરાયો છે, મારી સાથે યોગ્ય વ્યવહાર કેમ કરી રહ્યા નથી? મેં કર્ણાટક હાઈકોર્ટમાં પણ વિસ્તારથી ઉકેલ લાવવા માટે પ્રસ્તાવ આપ્યો હતો, તેને બધાએ ગણકાર્યો નહીં, ખૂબ જ દુખદ. વિજય માલ્યા એ આગળ કહ્યું કે કિંગફિશર એરલાઈન્સ ઈંધણના ઊંચા ભાવનો શિકાર બન્યું. કિંગફિશર એક શાનદાર એરલાઈન્સ હતી.

સીબીઆઈના બે ઉચ્ચ અધિકારીઓ બિલાડીની જેમ લડી રહ્યા હતા

સીબીઆઈ અધિકારીઓના મામલે સુનાવણી : વર્મા-રાકેશ અસ્થાના વચ્ચે લડાઈના લીધે સીબીઆઈની પ્રતિષ્ઠા ખરડાઈ હતી જેથી પગલા લેવાયા : વેણુગોપાલ

નવી દિલ્હી, તા. ૫

સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્માને રજા ઉપર મોકલી દેવાની સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, સીબીઆઈના બે ટોચના અધિકારીઓની લડાઈ પબ્લિકની વચ્ચે આવી ગઈ હતી. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર આ સમગ્ર મામલાને લઈને ચિંતાતુર હતી. સરકાર અને સીવીસીને નિર્ણય લેવાની જરૂર હતી. કોણ યોગ્ય અને કોણ અયોગ્ય છે તે અંગે નિર્ણય લેવાની જરૂર હતી. સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્મા પોતાની લડાઈ પ્રજાની વચ્ચે લઈ જનાર છે તે અંગે તેમની પાસે કોઈ પુરાવા છે કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટે એજીને પ્રશ્નો કર્યા હતા. ત્યારબાદ વેણુગોપાલે કોર્ટને અખબારોમાં પ્રકાશિત થયેલા અહેવાલોની નકલ સોંપી હતી. સીબીઆઈમાં પ્રજાનો વિશ્વાસ જાળવી રાખવા માટે સરકાર તરફથી કાર્યવાહી ખુબ જરૂરી બની ગઈ હતી. સ્થિતિ એવી થઈ ગઈ હતી કે આખરે કેન્દ્ર સરકારને મામલામાં દરમિયાનગીરી કરવાની ફરજ પડી હતી. મામલાની સાવધાનીપૂર્વક તપાસ બાદ કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો હતો કે, સીબીઆઈ ડિરેક્ટરને રજા ઉપર મોકલી દેવામાં આવે. એજીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્મા અને રાકેશ અસ્થાનાની વચ્ચે ચલાઈ સામાન્ય જનતાની વચ્ચે ચર્ચાનો વિષય બની ગઈ હતી. કેન્દ્ર સરકારે આના ઉપર નજર રાખી હતી. આ બંને અધિકારીઓ બિલાડીની જેમ લડી રહ્યા હતા. આ પહેલા મામલાની સુનાવણી દરમિયાન આલોક વર્માના વકીલ

● અનુસંધાન પાન-૭ પર

તેજસ્વીએ બંગલો ખાલી કરવા ગયેલી સરકારી ટીમને તગેડી મૂકી!!

પટના,તા.૫

લાલુ પ્રસાદ યાદવ અને તેમના પુત્રો ભલે સત્તા પર ના હોય પણ તેમની દાદાગીરી યથાવત છે. પટનામાં સરકારે તેજસ્વી યાદવને તેઓ જ્યારે ઉપમુખ્યમંત્રી હતા ત્યારે બંગલો ફાળવ્યો હતો. જોકે બિહારમાં થયેલા સત્તા પરિવર્તન બાદ તેજસ્વી યાદવ ડેપ્યુટી સીએમ રહ્યા નથી અને આ બંગલો હાલના ડેપ્યુટી સીએમ સુશિલકુમાર મોદીને ફાળવવામાં આવ્યો છે પણ તેજસ્વી યાદવ આ બંગલો ખાલી કરી રહ્યા નથી. આજે પટણામાં સરકારની એક ટીમ બંગલો

● અનુસંધાન પાન-૭ પર

REQUIRED ACCOUNTANT
Commerce Graduate with knowledge of Tally, GST, TDS
Contact 94265 34902

સસ્તાની લાલચમાં ભરમાશો નહી કિંમત નહી-સગવડતા ચકાશો
દુબઈ અબુધાબી
58,500/- Ex Amd
૫ રાત્રી હોટલ, ૧ રાત્રી લપિતા રીસોર્ટ | સાથે ૪ થીમ પાર્ક તદ્દન ફ્રી
₹ 66,500/- Ex Amd
Dec 20 • Jan 20,22,24 • Feb 13,18,20,25
7600697701 • 7600604630
atlantaa

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય